પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૦ | ૧ એપ્રિલ, ૨૦૧૯, સોમવાર; ફાગણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## વ્યાજદર ઘટાડાના સંકેતો

**લોન સસ્તી થઇ શકે : ગુરુવારના દિવસે પોલિસી રેટ અંગે નિર્ણય થશે : નવા નાણાંકીય વર્ષની પ્રથમ દ્વિમાસિક બેઠક પર નજર**

મુંબઈ, તા. ૩૧

આરબીઆઈની નાણાંકીય સમીક્ષા પણ આ સપ્તાહમાં જારી કરવામાં આવનાર છે. વ્યાજદરમાં કોઈ ઘટાડો કરવામાં આવે છે કે કેમ તેના ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થઈ ગયું છે. આરબીઆઈની છ સભ્યોની નાણાંકીય નીતિ બેઠક ગુરુવારના દિવસે નિર્ણય લેશે. નવા નાણાંકીય વર્ષની પ્રથમ દ્વિમાસિક પોલિસી બેઠકને લઈને શેરબજાર, કોર્પોરેટ જગત અને ઉદ્યોગ જગતની નજર કેન્દ્રિત થઈ છે.

પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવે તો વ્યાજદરમાં ફરીવાર ઘટાડો કરવામાં આવી શકે છે. કારણ કે, રિટેલ ફુગાવો આરબીઆઈના ચાર ટકાના લક્ષ્યાંક કરતા નીચે પહોંચી ગયો છે. જો રેટમાં વધુ ઘટાડો કરવામાં આવશે તો બજારમાં તેજી આવી શકે છે. બેંક અને ઓટો તથા રિયાલીટીના શેરમાં તેજીના ભણકારા વાગી રહ્યા છે.

શેરબજારમાં વ્યાજદરમાં કોઈ ઘટાડો કરાશે કે કેમ તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ જોવા મળી રહી છે. જો કે, મોટાભાગના અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે, વ્યાજદરમાં નજીવો ઘટાડો કરવામાં આવશે. કારણ કે, રિટેલ ફુગાવો આરબીઆઈના ટાર્ગેટ કરતા ઓછો નોંધાયો છે. જે આદર્શ સ્થિતિ છે.

## આજથી ટેક્સ-રોકાણોના ઘણા નિયમ બદલાઈ જશે

**કેપિટલ ગેઇન ટેક્સનો લાભ ઉઠાવી શકાય છે : હવે ટેક્સ આપ્યા વગર એક સાથે બે ઘરો રાખી શકાશે : ઇન્કમટેક્સમાં પાંચ લાખ રૂપિયાની છૂટ અમલી બનશે**

નવી દિલ્હી, તા. ૩૧

પહેલી એપ્રિલ એટલે કે આવતીકાલથી નવા નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની શરૂઆત થઈ રહી છે. ટેક્સ અને ઈન્વેસ્ટમેન્ટ સાથે જોડાયેલા કેટલાક નિયમોમાં ફેરફાર થઈ રહ્યા છે જેને આ વર્ષે ધ્યાનમાં લેવા પડશે. નવા વર્ષમાં ઈન્કમટેક્સની બચત કઈ રીતે થઈ શકશે અને કઈ રીતે રોકાણ થઈ શકશે તેને લઈને જાણકાર લોકો વાત કરી રહ્યા છે. બે પોતાના ઘર ટેક્સની ચિંતા વગર રાખી શકાય છે. ટેક્સ નિષ્ણાંત બળવંત જૈનનું કહેવું છે કે, પહેલા બે ઘર થવાની સ્થિતિમાં આપને એક ઘર માટે ઈન્કમટેક્સ ભરવાની જરૂર હતી. મકાન ખાલી હોય તો પણ ટેક્સ ભરવાની જરૂર પડતી હતી. ખાલી ઘરને પણ ભાડા ઉપર માનીને ટેક્સની વસુલી કરવામાં આવતી હતી. હવે આ નિયમ બદલાઈ ચુક્યા છે. આ વર્ષે ટેક્સ આપ્યા વગર બીજા ઘરની ખરીદી કરી શકાય છે. ખાલી ઘર રહેવાની સ્થિતિમાં પણ કોઈ ટેક્સ ચુકવવા પડશે નહીં. હજુ સુધી એવા નિયમો હતા કે, કોઈ વ્યક્તિ એક ઘરને વેચીને અન્ય ઘર ખરીદે છે તો લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ લાગૂ થશે નહીં પરંતુ બે ઘર ખરીદવા પર બીજા ઘર ઉપર ટેક્સ લાગૂ થતાં હતા. એટલે કે બીજા ઘર ઉપર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ આપવાની ફરજ પડી રહી હતી. હવે આ નિયમ બદલાઈ ચુક્યા છે. બીજી બાજુ હવે કોઈ એક ઘર વેચીને તેનાથી મળેલા પૈસાથી બે ઘર ખરીદવામાં આવે તો પણ લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ચુકવવાની જરૂર પડશે નહીં. આ વર્ષે એ ઘરને કાઢી શકાય છે જેના ઉપર કેપિટલ ગેઈન ટેક્સ આપવાથી બચવા માટે વેચવાના પ્રયાસ કરી રહ્યા હતા. સરકારી કર્મચારીઓના પેન્શન ફંડમાં આપવામાં આવતું યોગદાન મૂળભૂત પગારના ૧૦ ટકાથી વધીને ૧૪ ટકા કરી દેવામાં આવ્યું છે.



મૈ ભી ચોકીદાર - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'મૈ ભી ચોકીદાર' અભિયાનના ભાગરૂપે રવિવારે સાંજે દેશભરના ૫૦૦થી વધુ સ્થાનો પર વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો... રસપ્રદ અને માહિતીપ્રદ જવાબો આપવાનું કૌશલ્ય ધરાવતા પ્રધાનમંત્રીએ દેશના વિવિધ પ્રદેશોના કાર્યકરોનો આત્મવિશ્વાસ પૂર્વક આવતીકાલની રાજનિતીના સંકેતો આપ્યા હતા... વિજયના વિશ્વાસની સાથે સાથે રાષ્ટ્રીય ચારિત્ર્ય પર ભાર મુકી સૌ કાર્યકરો અને દેશવાસીઓએ ચોકીદારની ભૂમિકા અદા કરવા અનુરોધ કર્યો હતો...

## આજે ઈસરો એક સાથે ૨૯ સેટેલાઈટ લોંચ કરશે

**પીએસએલવી-સીજ૫ મિશન માટે કાઉન્ટડાઉન શરૂ : ઇસરો વધારે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવા ઉત્સુક**

શ્રીહરીકોટા, તા. ૩૧

પીએસએલવી-સી૪૫ મિશન માટે કાઉન્ટડાઉન આજે શ્રીહરિકોટા ખાતે શરૂ કરવામાં આવ્યું હતું. ૨૮ નેનો સેટેલાઈટની સાથે ભારતના ઈએમઆઈ સેટ સેટેલાઈટને લોંચ કરવા માટે ૨૭ કલાકનું કાઉન્ટડાઉન આજે શરૂ થયું હતું. વિશ્વના જુદા જુદા દેશોના ૨૮ નેનો સેટેલાઈટ છોડવામાં આવનાર છે. ઈસરો દ્વારા ત્રણ પરિભ્રમણ કક્ષામાં આ ઉપગ્રહ છોડવામાં આવશે. ઈલેક્ટ્રોમેગ્નેટિક મેજરમેન્ટમાં ઈએમઆઈ સેટેલાઈટને ઉપયોગી ગણવામાં આવે છે.

આજે સવારે ૬.૨૭ વાગે કાઉન્ટડાઉનની શરૂઆત થઈ હતી. શ્રીહરિકોટાના સ્પેશ પોર્ટ ખાતે સેકન્ડ લોંચ પેડ ખાતેથી ચાર તબક્કાના પીએસએલવી-સી૪૫ને લોંચ કરવામાં આવશે. સવારમાં ૯.૨૭ વાગે આને લોંચ કરવામાં આવશે. આ મિશનની સાથે જ ઈસરોની વધુ એક મોટી સિદ્ધિ રહેશે. ઈસરોના કહેવા મુજબ પીએસએલવી-સી૪૫ મારફતે આને રવાના કરવામાં આવશે. ૪૩૬ કિલોગ્રામના ભારતીય સેટેલાઈટને પરિભ્રમણ કક્ષામાં ગોઠવી દેવામાં આવ્યા બાદ ભારતની મોટી સફળતા રહેશે.

લોંચના ૧૭ મિનિટના ગાળામાં જ તેને તેની પરિભ્રમણ કક્ષામાં મુકી દેવામાં આવશે. ઈસરો દ્વારા જણાવવામમાં આવ્યું છે કે, તમામ પરિબળોની ચકાસણી ચાલી રહી છે. અન્ય દેશોના ૨૮ કસ્ટમર સેટેલાઈટનું વચન ૨૨૦ કિલોગ્રામ છે. આ ઉપગ્રહોને ૫૦૪ કિલોમીટરની પરિભ્રમણ કક્ષામાં

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**જોદપુરમાં મીગ-૨૭ ક્રેશ**

વાયુસેનાનુ ફાઈટર પ્લેન મીગ-૨૭ જોધપુર નજીક ક્રેશ થયુ છે. વાયુસેનાએ જણાવ્યુ છે કે એન્જિનમાં ખરાબીને કારણે આ દુર્ઘટના થઈ હતી. પાયલોટ મોટી દુર્ઘટનાને ટાળવા પ્લેનને રહેણાંક વિસ્તારથી દૂર લઈ ગયો હતો અને પોતે ઈજેક્ટ થયો હતો.

**મેજર ગોગોઈ વિરૂદ્ધ કોર્ટ માર્શલની પ્રક્રિયા પૂર્ણ**

યૌન શોષણ મામલે ફસાયેલા મેજર ગોગોઈ વિરૂદ્ધ કોર્ટ માર્શલની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. મેજર ગોગોઈ અને તેમના ડ્રાઈવર વિરૂદ્ધ પુરતા પુરાવા મળ્યા બાદ કોર્ટ માર્શલની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

**ફેસબુક લાઈવ પર નિયંત્રણ મુકાશે**

ન્યુઝીલેન્ડની મસ્જીદ પર આતંકી હુમલાની ઘટના બાદ ફેસબુક લાઈવ સ્ટ્રીમીંગ પર નિયંત્રણ મુકવાનો નિર્ણય લીધો છે. કંપની ફેસબુક લાઈવ સ્ટ્રીમીંગ સેવાના ઉપયોગના નિયમોને કડક બનાવવાની તૈયારી કરી રહી છે.

**બે બાળકોના જન્મ માટે સિક્કિમ સરકાર પ્રોત્સાહન આપશે**

સિક્કિમમાં પ્રજનન દરમાં સતત ગીરાવટ આવી રહી છે. જેના કારણે સરકાર ચિંતિત બની છે. સ્થાનિક પ્રજાતિની મહિલાઓને વધુ બાળકોને જન્મ આપવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. પ્રથમ બાળકના જન્મ સમયે રૂ. ૫૦૦૦ અને બીજા બાળકના જન્મ સમયે રૂ. ૧૦,૦૦૦ની રાશિ આપવામાં આવશે.

**ડીઝલના ભાવમાં સતત ચોથા દિવસે ગીરાવટ**

ડીઝલના ભાવોમાં સતત ચોથા દિવસે ગીરાવટ જોવા મળી રહી છે. જોકે પેટ્રોલના ભાવ સ્થિર રહ્યા છે. માત્ર ચાર દિવસમાં દિલ્હીમાં ડીઝલનો ભાવ ૩૫ પૈસા જેટલો ઘટ્યો છે.

## અંકુશરેખા પર સતત ગોળીબાર

**આતંકવાદીઓને ઘુસાડવાના નાપાક પ્રયાસ : નૌશેરા સેક્ટરમાં ફરી મોર્ટાર ઝીંકવામાં આવ્યા : નાગરિક વિસ્તારોને ટાર્ગેટ બનાવી ગોળીબાર જારી રાખતા તંગદિલી**

જમ્મુ, તા. ૩૧

જમ્મુ કાશ્મીરના રાજોરી જિલ્લામાં અંકુશરેખા ઉપર પાકિસ્તાની સેનાએ આજે સતત ત્રીજા દિવસે ભીષણ ગોળીબાર કર્યો હતો. નૌશેરા સેક્ટરમાં પાકિસ્તાને મોર્ટાર અને નાના હથિયારોથી ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા સાથે જોડાયેલી રાજૌરી જિલ્લાની ચોકી અને ગ્રામિણ વિસ્તારમાં લોકોને ટાર્ગેટ બનાવીને મોર્ટાર ઝીંકવામાં આવ્યા હતા. ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો. સંરક્ષણ પ્રવક્તાના કહેવા મુજબ આજે સતત ત્રીજા દિવસે પાકિસ્તાની સેના તરફથી ગોળીબાર કરાયો હતો જેનો જડબાતોડ જવાબ અપાયો હતો. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા લેફટી કર્નલ દેવેન્દ્ર આનંદે કહ્યું હતું કે, પાકિસ્તાનની સેનાએ સવારે નવ વાગે કોઈપણ ઉશ્કેરણીવગર મોર્ટાર ઝીંક્યા હતા. રાજોરીના નૌસેરા સેક્ટરમાં ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં કોઈપણ પ્રકારની કોઈને ઈજા થઈ નથી પરંતુ વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. શનિવારના દિવસે પણ પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. આતંકવાદીઓને ખતરનાક ઈરાદા સાથે ઘુસાડવાના હેતુસર પાકિસ્તાન દ્વારા ગોળીબાર જારી રાખવામાં આવ્યો છે. અત્રે



નોંધનીય છે કે, ઈન્ટેલિજન્સ રેકોર્ડ મુજબ આ વર્ષે જમ્મુ કાશ્મીરમાં જ્યારે ત્રાસવાદી સંગઠનોમાં નહીવંત જેટલી ભરતી રહી છે જ્યારે ૫૦થી વધારે ત્રાસવાદીઓને લશ્કરી ઓપરેશનમાં મોતને ઘાટ ઉતારી

● અનુસંધાન પાન-૭ પર


## રાહુલ અમેઠી ઉપરાંત કેરળની વાયનાડ બેઠક પરથી પણ લડશે

**કર્ણાટક, તમિળનાડુ અને કેરળથી માંગ ઉઠી હતી : કોંગ્રેસ**

વિજયવાડા, તા. ૩૧

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પ્રથમ વખત બે સીટો ઉપરથી લોકસભા ચૂંટણી લડવા જઈ રહ્યા છે. રાહુલ ગાંધી આ વખતે અમેઠીની સાથે સાથે કેરળની વાયનાડ સીટ ઉપરથી પણ ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા એકે એન્ટોની દ્વારા પત્રકાર પરિષદમાં આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. એન્ટોનીએ કહ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી માંગ ઉઠી રહી હતી કે, રાહુલ ગાંધીને અમેઠી ઉપરાંત દક્ષિણ ભારતની કોઈ બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતરવું જોઈએ. તેમણે કહ્યું હતું કે, કર્ણાટક, તમિળનાડુ અને કેરળમાંથી આ પ્રકારની માંગ ઉઠી રહી હતી જેથી એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે, રાહુલ ગાંધીને કેરળની વાયનાડ સીટ ઉપરથી ઉતારવામાં આવે. એન્ટોનીએ કહ્યું હતું કે, રાહુલે સિનિયર નેતાઓ સાથે વાતચીત કરી છે. રાજ્યના લોકો તરફથી આવી રહેલી માંગને અસ્વીકાર કરવાની બાબત યોગ્ય નથી. આખરે રાહુલ ગાંધી ઉત્તરપ્રદેશની અમેઠી સીટની સાથે વધુ

● અનુસંધાન પાન-૭ પર




## આંધ્રને ખાસ રાજ્યનો દરજ્જો આપવા કોંગ્રેસ પ્રતિબદ્ધ : રાહુલ

**આંધ્રપ્રદેશના વિજયવાડામાં ચૂંટણી રેલીમાં રાહુલની ખાતરી**

વિજયવાડા, તા. ૩૧

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આંધ્રપ્રદેશના વિજયવાડામાં એક



ચૂંટણી રેલી યોજી હતી. રાહુલે આ ગાળા દરમિયાન કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર ઉપર આકરા પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ પ્રમુખે આ ગાળા દરમિયાન ગરીબોને વાર્ષિક ૭૨૦૦૦ રૂપિયા ઉપલબ્ધ કરાવવાના વચનને ફરી દોહરાવ્યું હતું. પોતાના સંબોધનમાં રાહુલે કહ્યું હતું કે જો તેમની પાર્ટી દિલ્હીમાં સત્તામાં આવશે તો આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપશે. ટીડીપી અધ્યક્ષ અને રાજ્યના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ આ મુદ્દા ઉપર જ એનડીએથી અલગ થયા હતા. રાહુલે જનસભા દરમિયાન કહ્યું હતું કે, મોદી પાંચ વર્ષથી દેશના વડાપ્રધાન છે અને

તેઓએ રાજ્યના લોકોને આપેલા વચનને પાળ્યું નથી. આંધ્રપ્રદેશની રાજકીય પાર્ટીઓ પણ આ મુદ્દા ઉપર મોદીને આક્રમકરીતે ઘેરવાના પ્રયાસ કરી રહી નથી. રાહુલે કેન્દ્રની સત્તામાં આવ્યા બાદ આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવાનું વચન આપ્યું હતું અને કહ્યું હતું કે, માત્ર કોંગ્રેસ અને મનમોહનસિંહ દ્વારા આપવામાં આવેલું વચન નથી બલ્કે દેશના

● અનુસંધાન પાન-૭ પર

